# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/056 Dt. 11/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા સરસાણા ખાતે યાર્ન એક્ષ્પો દરમ્યાન ‘Emerging Trends in Yarns by 2030’ વિષય પર સેમિનાર યોજાયો

**વર્ષ ૨૦30 સુધીમાં સુરત 30થી ૩૫ ટકા ટેક્ષ્ટાઈલ વેસ્ટનું હાય કવોલિટી રિસાયકલ કરે તેવી અપેક્ષા છે, જે ટેક્ષ્ટાઈલ સેકટરમાં સકર્યુલર ઈકોનોમી માટે નોંધપાત્ર યોગદાન આપશે : ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**

**કસ્ટમર પ્રોફાઈલમાં બદલાવ થઈ રહ્યો છે, કસ્ટમરની કપડાની ખરીદી જરૂરિયાત મુજબ નહીં પણ પસંદગી પર આધાર રાખે છે : રિલાયન્સના શ્રી અસિમ પાન**

**ભારતે નાયલોનમાંથી સાડી, ડ્રેસ, દુપ્પટા ઉપરાંત સીમલેસ એન્ડ હોઝિયરી, સ્પોર્ટ્સ વેર, આઉટવેરનું પણ ઉત્પાદન કરવું જોઈએ : સેન્ચુરી એન્કાના શ્રી સંજય મેહરોત્રા**

**સુરતમાં ટેક્ષ્ટાઇલ કલસ્ટર બનાવવું સમયની માંગ છે અને એના માટે કન્સસ્ટન્સી, કવોલિટી, પેશન, પરફેકશન સાથે ફેબ્રિક બનાવવું મહત્વનું છે : શ્રી મહેશ મહેશ્વરી**

## ઝીરો ડેનિયર જરીનું નિર્માણ હાલ સુરતમાં શરૂ કરવામાં આવ્યું છે, જેનું એક્ષ્પોર્ટ વિશ્વના વિવિધ દેશોમાં કરવાનું શરૂ થઈ ગયું છે : શ્રી મહેન્દ્ર ઝડફીયા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા શનિવાર, તા. ૧૦ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૦૩:૩૦ કલાકે, સેમિનાર હોલ–એ, સરસાણા, સુરત ખાતે ‘Emerging Trends in Yarns by 2030’ વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના શ્રી અસિમ પાન, સેન્ચુરી એન્કા લિમિટેડના શ્રી સંજય મેહરોત્રા, નિમ્બાર્ક ફેશન્સ લિમિટેડના શ્રી મહેશ મહેશ્વરી અને એડલોન ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના શ્રી મહેન્દ્ર ઝડફીયાએ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ‘ભારત વૈશ્વિક કાપડ ઉદ્યોગમાં નોંધપાત્ર યોગદાન સાથે વિશ્વમાં યાર્નના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક છે. સુરત ભારતના કુલ એમએમએફ ફેબ્રિક ઉત્પાદનમાં લગભગ ૬૫ ટકા ફાળો આપે છે. સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ, ગ્લોબલ માર્કેટ માટે નાના તથા ઉચ્ચ–ગુણવત્તાવાળા યાર્નનું ઉત્પાદન કરવા માટે અનુકુળ વાતાવરણ પુરું પાડે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં, સુરત ૩૦થી ૩૫ ટકા ટેક્ષ્ટાઈલ વેસ્ટનું હાય કવોલિટી રિસાયકલ કરે તેવી અપેક્ષા છે, જે ટેક્ષ્ટાઈલ સેકટરમાં સર્ક્યુલર ઈકોનોમી માટે નોંધપાત્ર યોગદાન આપશે.’

શ્રી અસિમ પાને જણાવ્યું હતું કે, હાલમાં વિશ્વમાં પોલિએસ્ટર કાપડની ખપત ૫૮ મિલિયન મેટ્રિક ટન છે, જેમાં ૨૩ મિલિયન મેટ્રિક ટનની વૃદ્ધિ થઈને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૮૧ મિલિયન મેટ્રિક ટન થઈ જશે. સાથે જ દેશમાં ઝડપી થઈ રહેલા શહેરીકરણ અને સ્થળાંતરણની અસર કાપડના ખપત પર પણ થશે, આથી ટેક્ષ્ટાઈલ સેકટરમાં રહેલી તકોમાં વૃદ્ધિ થશે. હાલમાં કસ્ટમર પ્રોફાઈલમાં બદલાવ થઈ રહ્યો છે. કસ્ટમર શોપિંગ જરૂરિયાત મુજબની નહીં પણ પસંદગી પર આધાર રાખે છે, કસ્ટમર એક્ષપરિમેન્ટલ, વધુ માહિતી સાથે, સમગ્ર વર્ષ દરમિયાન ઈચ્છા મુજબ, ઈકો–ફ્રેન્ડલી પ્રોડકટની ખરીદી કરે છે.

શ્રી સંજય મેહરોત્રાએ જણાવ્યું હતું કે, વિશ્વમાં ચીન નાયલોનનું ૭૫ ટકા માર્કેટ ધરાવે છે. ભારતે નાયલોનમાંથી સાડી, ડ્રેસ, દુપ્પટા ઉપરાંત સીમલેસ એન્ડ હોઝિયરી, સ્પોર્ટ્સ વેર, આઉટવેરનું પણ ઉત્પાદન કરવું જોઈએ, એ ક્ષેત્રે અનેક તકો રહેલી છે. ભવિષ્યમાં નાયલોન ફિલામેન્ટ યાર્નના ટ્રેન્ડમાં સસ્ટેનેબલ એન્ડ હાય પરફોર્મન્સ ટેક્ષ્ટાઇલ,સર્ક્યુલર ઈકોનોમી, સ્માર્ટ ટેક્ષ્ટાઈલ અને નેનો ટેકનોલોજીનો સમાવેશ થશે.

શ્રી મહેશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, હાલમાં નવી પેઢીને ફિલ આપતું ફેન્સી ફેબ્રિક વધુ પસંદ છે. સમયની સાથે ઈફેકટ કરતાં વધુ કન્સેપ્ટનું મહત્વ વધ્યું છે. સુરતમાં જ્યારે કાપડ બનાવવાની ફાઈબર, યાર્નથી માંડીને સમગ્ર પ્રક્રિયા ઉપલબ્ધ છે, ત્યારે કલસ્ટર બનાવવું એ સમયની માંગ બની છે. કન્સસ્ટન્સી, કવોલિટી, પેશન, પરફેકશન સાથે ફેબ્રિક બનાવવું મહત્વનું છે.

શ્રી મહેન્દ્ર ઝડફીયાએ જણાવ્યું હતું કે, જરી એ પોલિએસ્ટર યાર્નમાંથી બને છે. પહેલા જરીનો માત્ર સાડી, ડ્રેસને લુક આપવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ હાલમાં જરીએ વૈશ્વિક સ્તરે સ્થાન બનાવ્યું છે.

ઝીરો ડેનિયર જરીનું નિર્માણ હાલ સુરતમાં શરૂ કરવામાં આવ્યું છે, જેનું એક્ષ્પોર્ટ વિશ્વના વિવિધ દેશોમાં કરવાનું શરૂ થઈ ગયું છે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, ઓલ એકિઝબિશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલા અને ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી ચિરાગ દેસાઈએ કર્યું હતું. મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અમિત શાહે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના કો–ચેરમેન શ્રી ઉમેશ કૃષ્ણાનીએ કાર્યક્રમની રૂપરેખા અને વકતાઓનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના સીનિયર મેનેજર શ્રીમતી સેજલબેન પંડયાએ ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસી દ્વારા શરૂ કરાયેલા વિવિધ કોર્સની માહિતી આપી હતી. વકતાશ્રીઓએ ઉદ્યોગ સાહસિકોને મુંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.